# પ્રેસ નોટ- તા.૨૫-૦૩-૨૦૨૧

# અમરેલી તાલુકાના ગાવડકા ગામેથી છ વર્ષથી ગુમ બાળકો તથા સ્ત્રીને સાથે શોધી કાઢતી અમરેલી એલ.સી.બી.

**અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબનાઓએ ગુમ થયેલ બાળકો/વયસ્કોને શોધી કાઢવા માટે ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, અને ગુમ થયેલ બાળકો/વયસ્કોને શોધી કાઢવા અમરેલી જિલ્લા પોલીસને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરીનાઓની રાહબરી નીચે એલ.સી.બી.ટીમે અમરેલી તાલુકા પો.સ્ટે. ગુમ જાણવા જોગ નં. ૦૮/૨૦૧૪, તા.૦૨/૧૨/૨૦૧૪ મુજબના કામે ગુમ થયેલ બાળકો તથા સ્ત્રીને ચોક્કસ બાતમી આધારે શોધી કાઢવામાં સફળતાં મેળવેલ છે.**

**ગુમ થયેલ બાળકો/સ્ત્રીઃ--**

શોભનાબેન વા/ઓ પ્રવિણભાઇ દાનાભાઇ હેલૈયા, રહે.મુળ ગાવડકા, તા.જિ.અમરેલી વાળી ગઇ તા.૦૧/૧૨/૨૦૧૪ ના રોજ પોતાનાં પુત્ર દર્શન તથા પુત્રી ક્રિષ્ના સાથે ગુમ થયેલ હોય, તેણીને **બાળકો સાથે આજરોજ તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ જામનગર મુકામેથી શોધી કાઢેલ છે. શોભનાબેન ગુમ થયા અંગે તેણીના પતિ પ્રવિણભાઇ દામાભાઇ હેલૈયા રહે.ગાવડકા, તા.જિ.અમરેલી વાળાએ અમરેલી તાલુકા પો.સ્ટે.માં જાહેરાત આપેલ હતી.**

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી. અમરેલીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી અને એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

# <u>પ્રેસ નોટ તા.૨૨/03/૨૦૨૧</u>

-

## <u>અમરેલી ટાઉનમાંથી જુગાર રમતા ૪ ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગારનાં સાહિત્ય સહિત કુલ કિં.રૂ.૨૧,૩૨૦/- નાં મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબ* નાઓએ જિલ્લામાંથી જુગારની બદીને દુર કરવા અને જુગાર રમતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડો કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે ગઇ કાલ તા.૨૧/૦૩/૨૦૨૧ નાં અમરેલી શહેરમાં, ગાયત્રી મંદિર રોડ, ખોડીયાર મોલની બાજુમાં કેટલાક ઇસમો ભેગા થઇ જાહેરમા તીન પતીનો પૈસા પાનાનો હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી નાઓની રાહબરી નીચે એલ.સી.બી.ટીમે* બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા કુલ ૪ ઇસમો રોકડ રકમ તથા મોબાઇલ ફોન તથા જુગારના સાહિત્ય સાથે પકડાઇ ગયેલ, જે તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

<u>**જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-***</u>

(૧દશરથભાઇ કરશનભાઇ પડશાલા (, ઉવ.૬૭., રહેઅમરેલી., ઓમનગર .

(૨) ચુનિભાઇ મનુભાઇ વાઘેલા, ઉ.વ.૬૬, રહે.અમરેલી, ગીરીરાજનગર.

(૩( મનસુખભાઇ જસાભાઇ મહેતા, ઉ.વ.૭૦, રહે.અમરેલી, ગીરીરાજનગર.

(૪( રાઘવભાઇ મેપાભાઇ જાદવ, ઉ.વ.૫૭, રહે.અમરેલી, ઓમનગર

<u>પકડાયેલ **મુદામાલઃ**-</u>

રોકડા રૂ.૧૦,૮૯૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૩ કિ.રૂ.૧૦,૫૦૦/- તથા ગંજી પતાના પાના નંગ-૫૨ કિંરૂ.00/00 નાં મળી કુલ કિં.રૂ.૨૧,૩૯૦/- નો મુદામાલ

આ કામગીરી *અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી. અમરેલીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી અને એલ.સી.બી. ટીમ* દ્વારા કરવામાં આવેલ છે.